ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ



## વ્યારાના કાનપુરામાં ATMમાંથી લાખોની તસ્કરી પ્રકરણમાં બે આરોપી ઝડપાયા

**ATMમાંથી રૂ.૪૪ લાખની ચોરી કરી હતી**

વ્યારા: વ્યારાના કાનપુરામાં ગોવિંદકૃપા ખાતે ગત તા.૨૪/૧૦/૨૦૨૪ના રોજ રાત્રે આશરે ૩ વાગ્યાના અરસામાં અજાણ્યા ચોર સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના હિટાચી કંપનીનાં બે ATM મશીન કટર કે કોઇ હથિયાર વડે કાપી બે ATMમાં જમા કુલ રૂ.૪૪,૦૧,૪૦૦ની ચોરી કરી ગયા હતા તેમજ બે ATM મશીનની કિં.રૂ.૪ લાખનું નુકસાન કરી નાસી છૂટ્યા હતા. આ ગુનો ઉકેલવા સાત પીઆઈ અને એક પીએસઆઇ મળી તાપી, સુરત ગ્રામ્ય, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાંથી આઠ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમે જુદી દિશામાં તપાસ ધરી સંયુક્ત ઓપરેશન પાર પાડ્યું હતું, જેમાં પ્રશાંત ઉર્ફે પશીયો રામુ પવાર (ઉં.વ.૨૫) (રહે., સુરાલી માર્કેટ યાર્ડ પાછળ, મઢી, તા.બારડોલી, મૂળ રહે.,આંબેડકર ચોક, ધુલિયા, જિ.ધુલિયા, મહારાષ્ટ્ર), લાલસીંગ મોતીલાલ દોહારી (ઉં.વ.૨૭) (રહે., તરસાડા, ભાથીજી મંદિર પાસે, તા.માંડવી, જિ.સુરત, મૂળ રહે.,બંધાકા, પુલવા ધનવપુર, પો.આયાના, યુ.પી.)ને ઝડપી પાડ્યા હતા. આ આરોપીઓએ રાજકોટ શહેરમાં પણ બોલેરો ચોરી કરી ATMની રેકી કરી હતી. ATM કાપવા માટેનો સામાન એકત્ર કરી ચોરીનો પ્રયાસ કર્યો હતો પણ તે નિષ્ફળ રહ્યો હતો.

હાલ આ ગુનામાં પોલીસે ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. મળી આવેલા મુદ્દામાલમાં ATMમાંથી ચોરીમાં ગયેલા રૂપિયા પૈકી રોકડા રૂ.૪,૬૪,૮૫૦, ગુનામાં વપરાયેલો ટેમ્પો નં.(GJ-19-U-1952) કિં.રૂ.૧ લાખ, બજાજ પ્લેટીના મો.સા. નં.(GJ-5-HM-8177) કિં.રૂ.૧૦ હજાર, ઓક્સિજનનો બાટલો, નંગ-૧, કિં.રૂ.૩ હજાર, મોબાઇલ ફોન નંગ-૨, કિં.રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૫,૮૭,૮૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### પકડાયેલા આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ

પ્રશાંતભાઇ ઉર્ફે પશીયો રામુભાઇ પવાર વિરુદ્ધ બારડોલી ગ્રામ્ય પો.સ્ટે.માં બે, કામરેજ અને કીમ પો.સ્ટે.માં એક-એક ગુનો, જ્યારે લાલસીંગ મોતીલાલ દોહારી વિરુદ્ધ પલસાણા અને કીમ પો.સ્ટે.માં એક-એક, માંડવી પો.સ્ટે.માં બે, બારડોલીમાં બે તેમજ કડોદરા પો.સ્ટે.માં એક ગુના નોંધાયા છે.

### કેવી રીતે ચોરી કરતા હતા

આ આરોપીઓ ગાર્ડ વગરનાં ATMની રેકી કરી ટાર્ગેટ નક્કી કરતા હતા. પોતાની ઓળખ છુપાવવા ચહેરા પર બુકાની બાંધી ATMના C.C.T.V. કેમેરા પર સ્પ્રે કરવો, ગેસ કટરથી ATM કટિંગ કરી ચોરી કરવી, આ પ્રકારના ગુનામાં પરપ્રાંતીય આરોપીઓને બોલાવી ગુના આચરવા એ તેમની મોડસ ઓપરેન્ડી હોવાનું જાણવા મળ્યું છે.

## બુહારીના અધ્યાપોરમાં શેરડીના ખેતરમાં આગ

વ્યારા: વાલોડના બુહારીના અધ્યાપોર ગામની સીમમાં સરવે નં.૫૧,૫૨ વાળા ખેતરમાં તા.૨૫/૧૦/૨૦૨૪ના રોજ બપોરે ૩ વાગ્યાના અરસામાં જયેશભાઈ પરસોતમભાઈ પ્રજાપતિ (ઉં.વ.૪૯)(રહે., અધ્યાપોર, મંદિર ફળિયું, તા.વાલોડ)એ પોતાના માલિકીના ખેતરમાં શેરડીનો પાક કર્યો હતો. જેમાં આકસ્મિક રીતે વીજ લાઇનમાંથી શોર્ટ સર્કિટ થવાથી તણખા ઊડતાં આગ લાગી જતાં શેરડીના પાકને મોટું નુકસાન થયું હતું.

## વાલોડમાં પર્યાવરણ મુદ્દે આંદોલનનાં એંધાણ

**ભારત** આદિવાસી સંવિધાન સેનાએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

**વિવિધ** પ્રોજેક્ટના નામે આદિવાસીઓ સાથે ઘોર અન્યાયના આક્ષેપ



વ્યારાઃ આદિવાસીઓના જીવાદોરીસમાન કેટલાક પ્રશ્નો, પર્યાવરણલક્ષી બાબતોને લઈ વાલોડની ભારત આદિવાસી સંવિધાન સેનાએ મામલતદાર મારફતે વડાપ્રધાનને આવેદન આપ્યું હતું. આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી કેવડિયાના આદિવાસીઓને ન્યાય આપવાની માંગ કરી છે. તે દિશામાં કાર્યવાહી નહીં થાય તો આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

આવેદનમાં જણાવ્યું હતું કે, આદિવાસીઓને તેમની જમીનમાં મોટા મોટા ડેમ, હાઈ વે, પાવર પ્લાન્ટ તેમજ અન્ય યોજનાઓ બનાવી વિસ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આ સરકારમાં આદિવાસીઓ સામે વિસ્થાપનનો ખૂબ મોટો ખતરો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવામાં આવ્યું. સરકાર દ્વારા કેવડિયા આદિવાસીઓને સ્ટેચ્યુ બનાવતી વખતે વચનો આપવામાં આવ્યાં તે આજદિન સુધી નિભાવ્યાં નથી. કેવડિયાના આદિવાસીઓએ પોતાની જમીનો ગુમાવી, તેના બદલામાં એમની સાથે ફક્ત અન્યાય અને અત્યાચાર જ થયો છે. સ્થાનિકોને રોજગારીની જગ્યાએ મોત મળી રહ્યું છે. હજુ દિવસે ને દિવસે તે વિસ્તારમાં વિવિધ પ્રોજેક્ટ આવી રહ્યા છે. જે હજુ આદિવાસીઓની જમીન છીનવશે, આદિવાસીઓને વિસ્થાપિત કરશે અને વિકાસના નામે વિનાશ કરશે. કેવડિયામાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં આદિવાસીઓ પર અત્યાચાર વધી રહ્યા છે.

હસદેવ જંગલ કાપીને કોલસા કાઢવા ત્યાંની સરકાર જંગલ બચાવવા માટે લડતા સ્થાનિક આદિવાસીઓ પર અત્યાચાર કરી રહી છે. પર્યાવરણ ખૂબ સંવેદનશીલ મુદ્દો છે. કારક કે, આખું જીવનચક્ર એના પર જ ટકેલું છે. હસદેવ જંગલને ભારતનું ફેફસું કહેવામાં આવે છે. હસદેવ જંગલને કાપીને પર્યાવરણ સાથે સાથે સમગ્ર જીવસૃષ્ટિને નુકસાન પહોંચાડવા માટે જે કામ થઈ રહ્યું છે તે તાત્કાલિક ધોરણે અટકાવવામાં આવે. ભૂમાફિયાઓ, અધિકારીઓ, રાજકારણીઓ અને ગુંડા તત્ત્વો દ્વારા આદિવાસીઓની જમીન છીનવી લેવામાં આવી રહી છે. તે બાબતે આપ કેન્દ્ર સ્થાનેથી સખત અને આવશ્યક પગલાં ભરો અને જે દોષીઓ છે એમના વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે. આદિવાસીઓના બંધારણીય અધિકારોનું સતત હનન થઈ રહ્યું છે. જેના કારણે આદિવાસીઓ પોતાના જલ જંગલ જમીન ગુમાવી રહ્યા છે.

## તરસાડામાં હાઈટેન્શન વીજળીના તણખા પડતાં બે ખેડૂતની શેરડી બળીને ખાખ

**બંને** ખેડૂતે વળતર મેળવવા વીજકંપનીને અરજી કરી




માંડવીઃ માંડવી તાલુકાના તરસાડા બાર ગામના બે ખેડૂતોનાં ખેતરમાંથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈન પરથી કરંટના તણખા પડતાં શેરડીનો ઊભો પાક બળીને ખાક થઈ જતાં બંને ખેડૂતોએ વળતર મેળવવા વીજકંપનીના ઈજનેર માંડવીને લેખિત અરજી કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ તરસાડાના ખેડૂત ભાવિનસિંહ સરદારસિંહ ચૌહાણના ખેતરમાં નવી રોપેલી 238 જાતની શેરડી જે તા.25-8-23નું રોપાણ છે અને શેરડી કટિંગ આવનાર છે. તે પહેલાં વીજ પ્રવાહના કરંટના તણખા ઝરતાં ખેડૂતનો ઊભો પાક આશરે 100 ટન બળીને ખાક થતાં ખેડૂતને 3,20,000નું નુકસાન થયું છે. આ શેરડીનું રોપાણ મઢી સુગરનું છે. જ્યારે બીજા ખેડૂત સુરેન્દ્રસિંહ બળવંતસિંહ પરમારની 70 ટન જેટલી શેરડી મહુવા સુગરની છે. તેને પણ રૂ.2,24,000નું નુકસાન થતાં બંને ખેડૂતે શેરડીનું વળતર, રૂ.5,44,000 મેળવવા વીજકંપનીને અરજ કરી છે. મઢી અને મહુવા બંને સુગરે બળેલી શેરડી તાકીદે કાપી લેવા વ્યવસ્થા કરવી જોઈએ તેવી ખેડૂતોને માંગ છે.

## સોનગઢના કણજી ગામે કુવામાં પડી ગયેલા દીપડાનું રેસ્ક્યુ કરાયું



વ્યારાઃ સોનગઢના કણજી ગામે પરેશભાઈ ગામીતના ખેતરમાં આવેલા કૂવામાં રાત્રિ દરમિયાન દીપડો પડી ગયો હતો. પરેશભાઈના પરિવારજનો સવારે ખેતરમાં ડાંગરની કાપણી કરવા જતાં કૂવામાં દીપડો પડ્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. વન વિભાગને તેની જાણ કરતાં સાદડવેલ રેન્જના RFO સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. દીપડાને બહાર કાઢવા રેસ્ક્યુની કામગીરી હાથ ધરાઈ હતી. ભારે જહેમત બાદ આ દીપડાને બહાર કાઢવામાં વન વિભાગને સફળતા મળી હતી.

## ભરૂચમાં તસ્કરો દિવાળી કરવાના મૂડમાં: મકાન માલિક જાગી જતાં એક ચોર દીવાલ કૂદીને ભાગ્યો



**અંબિકાનગર** સોસાયટીની ઘટના, તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ

ભરૂચઃ ભરૂચની અંબિકાનગર સોસાયટીમાં મંગળવારે તસ્કરો ત્રાટક્યા હતા. સદનસીબે મકાનમાલિક જાગી જતાં તસ્કરો મકાનની દીવાલ કૂદીને ભાગવામાં સફળ થયા હતા. જો કે, એક તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો.

મંગળવારે ભરૂચ શહેરના પાંજરાપોળ નજીક આવેલી અંબિકાનગર સોસાયટીમાં મંદિર નજીક આવેલા મકાનમાં રાત્રિના ત્રણથી ચાર તસ્કર ત્રાટક્યા હતા. તસ્કરો મકાનને નિશાન બનાવે તે પહેલા જ મકાનમાલિક જાગી જતાં તસ્કરોમાં દોડધામ મચી ગઈ હતી. આ સમયે એક તસ્કર મકાનની દીવાલ કૂદીને ભાગવામાં સફળ થઈ ગયો હતો. પરંતુ ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. આ અંગે સોસાયટીના સ્થાનિક એ ડિવિઝન પોલીસમથકમાં જાણ કરતાં પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

## આમોદના મોટા તળાવના બ્યુટિફિકેશનના કામમાં નડતરરૂપ દબાણો અંતે દૂર કરાયાં

**કિન્નરોએ** બનાવેલા ગેરકાયદે મંદિર ઉપર પણ જેસીબી ફેરવાયું



ભરૂચઃ આમોદના મોટા તળાવ ખાતે 6.59 કરોડના ખર્ચે તળાવના બ્યુટિફિકેશનનું કામ એજન્સી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ તળાવ ઉપર કેટલાંક દબાણો ઊભાં કરવામાં આવ્યાં હતાં. જેના કારણે તળાવની બ્યુટિફિકેશનની કામગીરીના નડતરરૂપ બનતાં હતાં. આ બાબતે આમોદ નગરપાલિકા દ્વારા દબાણકર્તાઓને વારંવાર નોટિસ આપી દબાણો સ્વેચ્છાએ દૂર કરવા જાણ કરવામાં આવી હતી. પરંતુ દબાણકર્તાઓએ પાલિકાએ વારંવાર આપેલી નોટિસને ધ્યાને નહીં લેતાં તા.30 ને બુધવારે વહેલી સવારે આમોદ નગરપાલિકાના મક્કમ અને નીડર મુખ્ય અધિકારી પંકજ નાયકે જેસીબી લઈ પાલિકા ઈજનેર કિરણ મકવાણા તેમજ પાલિકા પ્રમુખ જલ્પાબેન પટેલ અને સદસ્યોની હાજરીમાં કિન્નરોએ બનાવેલા ગેરકાયદે મંદિર ઉપર પણ જેસીબી ફેરવી દબાણો દૂર કર્યાં હતાં. કિન્નરોએ મંદિરમાં રાખેલી માતાજીની પ્રતિમાઓ પાલિકાનાં મહિલા સદસ્યોએ પૂજા-અર્ચના કરી બહાર બહાર કાઢી હતી. ત્યાર બાદ મંદિરને જમીનદોસ્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત મસ્જિદ પાસે આવેલા એક મકાનનું દબાણ પણ દૂર કર્યું હતું. આ બાબતે આમોદ પાલિકાના મુખ્ય અધિકારી પંકજ નાયકે જણાવ્યું હતું કે, તળાવની કામગીરીના નડતરરૂપ દબાણો દૂર કર્યાં છે. ભવિષ્યમાં આમોદ નગરના વિકાસનાં કાર્યોમાં નડતરરૂપ દબાણો પણ ફરિયાદ મળ્યેથી દૂર કરવામાં આવશે.

## ચાસવડ આશ્રમશાળાની ઘેનુગીર ગૌશાળામાં સંગીતના સૂરો સાથે વહે છે દૂધની ધારા

**ચાસવડમાં** સવાર-સાંજ વાંસળીના સૂર સંભળાય ત્યારે સમજી જવું કે આ મ્યુઝિક ગાયો માટે વાગી રહ્યું છે



ભરૂચ: માનવીય આકાંક્ષા, અભિલાષા, વ્યથા, વેદના અને અચંબાને વ્યક્ત કરતા સુમધુર સંગીતના સૂરો નવી ચેતના અને પ્રેરણા પૂરી પાડે છે. જેમ માનવીને સંગીતના સૂરો ગમે એમ પશુઓને પણ સંગીતના સૂરો ગમે છે. તાલુકાની ચાસવડ આશ્રમશાળામાં 6 વર્ષથી ચાલતી ઘેનુગીર ગૌશાળામાં સવાર-સાંજ વાંસળીનો કર્ણપ્રિય અવાજ સાંભળવા મળે. આ ગૌશાળામાં આજે 69 ગીર ગાયોમાં વધુ વાંસળીનો અવાજ, ગરબા કે ભજનો થકી મ્યુઝિક થેરપીનો સફળ પ્રયોગ થયો છે.

કસ્તુરબા સેવાશ્રમ મરોલી સંચાલિત ચાસવડ આશ્રમશાળામાં પ્રમુખ તરીકે પી.કે.લહેરી, મેનેજિંગ ટ્રસ્ટી ખુમાનસિંહ વાંસિયા સુપેરે જવાબદારી નિભાવે છે. ગાયોને દોહતા પૂર્વે મ્યુઝિક શરૂ કરાય છે. હાલમાં 13 ગાય રોજબરોજ 110 લીટર દૂધ આપે છે. અહીં સવાર-સાંજ વાંસળીના સૂર સંભળાય ત્યારે સમજી જવું કે આ મ્યુઝિક માનવી માટે નહીં પણ ગાયો માટે વાગી રહ્યું છે.

## અંકલેશ્વરમાં સામેના વાહનની લાઈટથી આંખ અંજાઈ જતાં કાર માર્ગની નીચે ઊતરી ગઈ

**વાહનચાલકો** અને સ્થાનિકો મદદે દોડી આવ્યા, કારચાલકનો સામાન્ય ઇજા સાથે બચાવ



ભરૂચઃ અંકલેશ્વરથી વાલિયાને જોડતા માર્ગ પર સામેથી આવતા વાહનની અત્યંત સફેદ ફોકસ જેવી લાઈટથી અંજાઈ જતા કારચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર માર્ગની બાજુમાં ઊતરી જતાં અકસ્માત સર્જાયો હતો.

અંકલેશ્વરથી વાલિયાને જોડતા સ્ટેટ હાઈવે પર ફરી એકવાર અકસ્માતનો બનાવ બન્યો હતો. અંકલેશ્વર-વાલિયા રોડ પર સનાતન સ્કૂલ પાસે સામેથી આવતા વાહનની લાઈટથી અંજાઈ જતા કારચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેના પગલે કાર માર્ગની બાજુમાં ઊતરી ગઈ હતી. આ દૃશ્યો જોતા જ વાહનચાલકો અને સ્થાનિકો દોડી આવ્યા હતા અને કારચાલકને કારમાંથી બહાર કાઢ્યો હતો. આ બનાવમાં કારચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી.

અંકલેશ્વર-વાલિયા રોડ પર અકસ્માતના અનેક બનાવો બને છે. બિસમાર માર્ગના કારણે ધૂળિયું વાતાવરણ થઈ જતાં વિઝિબિલિટી ઘટે છે. હાલમાં વાહનોમાં લગાડાતી અત્યંત બ્રાઈટ એવી એલ.ઈ.ડી. લાઈટથી સામેના વાહનચાલકો અંજાઈ જાય છે, તેમને થોડીવાર માટે કશું દેખાતું નથી. તેના કારણે પણ અકસ્માત સર્જાય છે. ત્યારે પોલીસ દ્વારા હેડલાઈટ્સમાં અડધી પીળી પટ્ટી લગાવવાના કાયદાનું પાલન કરાવવું જોઈએ.

## સંક્ષિપ્ત સમાચાર

### કોસંબા-ખરચ રોડ ઉપર કંપની પાસે પાર્ક કરેલી મોપેડ ચોરાઇ જતાં ફરિયાદ

હથોડા: કોસંબા પોલીસમથક હદ વિસ્તારના કોસંબા-ખરચ તરફ જતા રોડ પર કંપનીના ગેટ સામે રોડની બાજુમાં એક મહિલાએ પોતાની જીજે 19 બીકે 9973 નંબરની મોપેડ પાર્ક કરી હતી. જે કોઈ ચોરી જતાં મોપેડની માલિક નફીસાબેન રફીક શેખે કોસંબા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### વ્યારામાં પગપાળા જતા આધેડનું પડી જવાથી મોત

વ્યારા: વ્યારા બી.એમ.પાર્ક સોસાયટીમાં રહેતા સુભાષ યશવંત પાટીલ (ઉં.વ.૬૭)ને આશરે દશેક વર્ષથી સુગરની બીમારી હોય અને સુગરના કારણે અવારનવાર ચક્કર આવવા જેવી તકલીફો થતી હતી. આથી તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યે ઘરેથી એકલા ચાલવા માટે નીકળ્યા હતા. ત્યારે વ્યારા નીલ હોસ્પિટલ સામે રોડ ઉપર આશરે સાડા છ એક વાગ્યે અચાનક ચક્કર આવતાં પડી ગયા હતા. જેથી ગંભીર ઇજા થતાં તેમનું મોત નીપજ્યું હતું.

### સોનગઢમાં દસ વર્ષની બાળા પર યુવકનું દુષ્કર્મ

વ્યારા: સોનગઢના ગુણસદામાં સંજય રૂપા ગામીત (રહે.,ગુણસદા બંગલી ફળિયું, તા.સોનગઢ)એ તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ ૮:૪૫થી ૯:૪૫ વાગ્યા દરમિયાન ૧૦ વર્ષની બાળાને લલચાવી-ફોસલાવી પોતાના ઘરમાં લઇ જઇ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરતાં આ મામલે હવસખોર વિરુદ્ધ પોલીસેમથકે ગુનો નોંધાયો હતો.

### સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજના દાતા પરિવારનું સન્માન કરાયું



બારડોલી: સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજને સોમાભાઈ લલ્લુભાઈ દેસાઇ પરિવાર તરફથી પ્રવેશદ્વારના નામકરણ માટે રૂ. 51 લાખનું માતબર દાન આપવામાં આવતા તેમજ ગરબા મહોત્સવમાં ચુંદડી અર્પણના 5.51 લાખ રૂપિયા મળી કુલ 56.56 લાખ જેવી માતબર રકમ સમાજને આપવામાં આવી છે. જે બદલ સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજ તરફથી દાતા પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું.

### માખીંગા ગામે રસ્તો ક્રોસ કરવા જતાં યુવકનું વાહન અડફેટે મોત

પલસાણા: પલસાણાના માખીંગા ગામ નજીક આવેલા ખેતલાઆપા ટી સ્ટોલ પાસે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ ક્રોસ કરતાં બિનોદ બિર્શા લગુન (ઉં.વ.28, રહે., માખિંગા, તા. પલસાણા, મૂળ રહે., રતનાઝૂલી, તા. તેજપુર, જિ. સોનિતપૂર આસામ)ને ટક્કર મારી હતી. અકસ્માતમાં બિનોદ લગુનને માથાના ભાગે તથા બંને હાથ-પગ તથા શરીરે ગંભીર ઇજાઓ પહોંચી હતી અને તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

### કાપોદ્રા પાટિયા નજીક પાર્ક કરેલી બાઇકની ચોરી

અંકલેશ્વર: મૂળ યુપી અને હાલ અંકલેશ્વર ઓ.એન.જી.સી. બ્રિજ પાસે આવેલા વિરાટનગરમાં રહેતા મનીષકુમાર વિનોદ વર્માએ ગત તા.૨૬ ઓક્ટોબરે અંકલેશ્વરના કાપોદ્રા પાટિયા પાસે આવેલા ખેતલા આપા ટી-સ્ટોલ ખાતે ચા પીવા ગયા હતા. જેમણે પોતાની બાઈક નં.(જી.જે.૧૬.સી.ડી.૯૩૦૧) ટી-સ્ટોલ પાસે પાર્ક કરી હતી. દરમિયાન વાહનચોરો ત્રાટકી 40 હજારની બાઈકની ચોરી કરી ફરાર થઇ ગયા હતા.

### રાજ્ય કક્ષાએ સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં રંગ ઇન્ટરનેશનલ સ્કૂલનો વિદ્યાર્થી વ્રજ પટેલ ત્રીજા ક્રમે



ભરૂચ: અમદાવાદ ખાતે તા.26 અને 27 ઓક્ટોબરના રોજ યોજાયેલી રાજ્ય કક્ષાની સોફ્ટ ટેનિસ સ્પર્ધામાં અંકલેશ્વરની રંગ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીએ નામ રોશન કર્યું છે. અંડર-14 કેટેગરીમાં રમતાં વ્રજ કે. પટેલે ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી રાજ્યભરમાં શાળાનું ગૌરવ વધાર્યું છે. વ્રજ પટેલની આ ઉત્કૃષ્ટ રમતને ધ્યાનમાં રાખીને તેને ગુજરાત રાજ્યની સોફ્ટ ટેનિસ ટીમમાં પસંદગી આપવામાં આવી છે. આ સફળતાથી પ્રેરાઈને વ્રજ હવે ડિસેમ્બર-2024માં મધ્ય પ્રદેશના દિવાસ ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. વ્રજ પટેલ વધુ મહેનતુ અને પરિશ્રમી હોવાથી ઉજ્જવળ ભવિષ્ય ધરાવે છે. તેને વધુ મજબૂત અને કુશળ બનાવવા માટે શાળાના MD અનિલસિંહ ઠાકોર, શિક્ષકો, ટ્રેનર અને પરિવારજનોએ સંપૂર્ણ સહયોગ આપવાનો વચન આપ્યું છે.

### બારખાડીમાં ઢોર ચરાવવા બાબતે પત્નીને માર મારનારા પતિ વિરુદ્ધ ફરિયાદ

રાજપીપળા: ગરુડેશ્વરના બારખાડી ગામમાં બનેલી ઘટનામાં નજીવી બાબતે પતિએ પત્નીને માર મારતાં ગુનો દાખલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર બારખાડી ગામનાં મીનાબેન બાબુભાઇ વસાવાએ આપેલી ફરિયાદ મુજબ તા.૨૮/૧૦/૨૦૨૪ના રોજ તેઓ ઢોરો ચરાવી સાંજે ચારેક વાગ્યાના અરસામાં ઘરે આવ્યાં હતાં. એ વખતે તેમના પતિ બાબુભાઇ ખેતરેથી આવી અને તેમને ગમેતેમ ગાળો બોલી કહેવા લાગ્યા કે, 11 વાગે ઢોરો ચરાવવા માટે છોડેલા અને આટલી વહેલી ઢોરોને કેમ લાવી? તેમ કહી પત્નીને ઢીક્કાપાટુનો માર મારી વાળ પકડી ખેંચીને જમીન પર પાડી દીધી હતી. પતિ અવાનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતો હોવાની પત્નીની ફરિયાદના આધારે ગરુડેશ્વર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### તેનામાં વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

પલસાણા: સુરત એલસીબીને બાતમી મળી હતી કે, એક ગ્રે કલરની ઇકો કાર નં.(જીજે 5 જેએફ 4579)માં દેશી દારૂ ભરી ઓલપાડના ધનશેરથી સુરત સિટીમાં પસાર થવાનો છે. આથી પોલીસે તેનાની સીમમાં ધનશેર ગામથી દામકા ગામ તરફ જતાં માર્ગ પર રાંગ મહોલ્લાની બાજુમાં વોચ ગોઠવી કાર રોકી કારચાલક રાહુલ સહાની (રહે., મોરા ટેકરા, સુરત, મૂળ રહે., યુપી) અને સૂજીત રામ (રહે., ભટલાઇ, મૂળ રહે., સિવાણ, ઉત્તરપ્રદેશ)ની અટકાયત કરી દારૂ કિં.રૂ. 140000, કાર કિં. રૂ. 1 લાખ, બે મોબાઇલ ફોન કિં.રૂ. 20 હજાર મળી કુલ 2.60 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે સુશીલા પટેલ (રહે., ધનશેર) અને લક્ષ્મી પટેલ (રહે., ભટલાઇ)ને વોન્ટેડ જાહેર કરી હતી.